અનુસુચિત જાતિની ગ્રાંટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ શરૂ કરેલ હોય ત્યાં શિક્ષકની જગા ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅમશં/૧૦૧૬/૧૫૦૨૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
**તારીખઃ ૧૩/૫/૨૦૧૬**

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા:૫/૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: અજાક-આ.શા-ગ-૨૦૧૬-૪૪-૪૫૮૫૪૭-૪૮.

**ઠ રા વઃ-**

અનુસૂચિત જાતિના લોકોનો સામાજીક શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસર સરકારશ્રી દ્વારા એનેક વિધિ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. અનુસૂચિત જાતિના શિક્ષણના વિકાસ માટે આ ખાતા દ્વારા ગ્રાન્ટ-ઇન-એઇડના ધોરણે ૧ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આશ્રમશાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની એકજ સંકુલમાં અભ્યાસ તેમજ મફત રહેવા જમવાની સગવડ આપવામાં આવે છે. રાજય સરકારશ્રી દ્વારા ધોરણ-૮ નો પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરી, પ્રાંથમિક વિભાગ ધોરણ-૧ થી ૭ ના બદલે ધોરણ-૧ થી ૮ નો કરેલ જેથી ધોરણ ૧ થી ૭ આશ્રમશાળાઓમાં પણ ધોરણ-૮ નો વર્ગ શરૂ કરવાનો થાય છે. આ માટે આશ્રમશાળાથી ૩ કી.મી.ના અંતરમાં આવેલ પ્રાથમિક શાળામાં બાળકો દાખલ કરી આશ્રમશાળામાં રાખવા જોગવાઇ થયેલ છે. અને ધોરણ ૮ માટે દરેક આશ્રમશાળામાં ૩૦ વિદ્યાર્થીઓની સંખ્યાની મંજુરી આપવામાં આવેલ છે.

આંતરિયાળ વિસ્તાર, નિર્જન વિસ્તાર અને નદી-નાળા વાળા વિસ્તારમાં જયાં મોટા હાઇવે રોડ વચ્ચે આવતા હોય ત્યાં નાના બાળકો એકલા જઇ શકે તેમ ન હોય તેવી અંતરીયાળ વિસ્તારની આશ્રમશાળાઓમાં ધોરણ-૮ નો વર્ગ શરૂ કરવા અને ફાજલ શિક્ષક ઉપલબ્ધ હોય તો નિમણુક આપવા અને તે ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોય ત્યાં શિક્ષકની જગા ઉભી કરવા વિભાગના તા.૨૪-૮-૨૦૧૫ના ઠરાવથી જણાવવામાં આવેલ છે.

આંતરિયાળ વિસ્તાર નિર્જન વિસ્તાર અને નદી-નાળા વાળા વિસ્તારમાં વિગેરે અડચણોવાળી આશ્રમશાળાઓમાં અને ત્રણ કિ.મી ની અંદર અન્ય કોઇ પ્રાથમિક શાળા આવેલી નથી તેવી આશ્રમશાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવાની અને તે માટે આશ્રમશાળા દીઠ એક શિક્ષકની જગા મંજુર કરવાની રહે છે.

શિક્ષણ ખાતામાં ફાજલ શિક્ષકો માંગતા તેઓના તા.૨-૮-૨૦૧૪ના પત્ર ક્રમાંક- ધ/ મા.શિ/ અનદ-૧/ ૨૦૧૪-૯૯૨૯ "શૂન્ય" માહિતી આપેલ છે. જેથી હવે આ જગાઓ ઉભી કરી ભરવાની થાય છે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તક અનુસુચિત જાતિની કૂલ-૮૮ આશ્રમશાળાઓમાં આશ્રમશાળા દીઠ એક પ્રમાણે કૂલ-૮૮ શિક્ષકોની જગ્યાઓમાં મંજુર કરવાની થાય છે. અનુસુચિત જાતિની ગ્રાંટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ શરૂ કરેલ હોય ત્યાં કુલ-૮૮ વિદ્યા સહાયકોની જગ્યાઓ પ્રવર્તમાન ફીકસ પગારથી ઉભી કરવા અંગેની રૂ.૧૦૬.૦૦ લાખ નવી બાબતની દરખાસ્તને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રર્વતમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો /પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજુરી અંવયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરંડર કરવાની રહેશ.

**(૬) સીધી ભરતી/ બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સાધી ભરતી/ બઢતીથી આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજુરી આપવામાં આવે છે.**

(૭) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાને રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કએલ/ લાયકાત ધરાવાતા હોવા જોઇએ.

(૧૦) રાજય સરકાર દ્વારા વખોતવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર-૨૨૨૫,અનુસૂચિતજાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૨૬) બીસીકે-૨૭-જુગતરામ દવે આશ્રમશાળાઓ (અનુસૂચિત જાતિ) અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૪-૫-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિક્ષીત જોષી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
સર્વે નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) (નિયામકશ્રી, અજાક મારફત)
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, અજાક મારફત)
બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ-ગ